## જાહેર નિવિદા

### ઉંઝા નગરપાલિકા તા.ઉંઝા જી.મહેસાણા

પ્રાદેશીક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓ ગાંધીનગર ઝોનના હુકમ ક્રમાંક RCMGN/0033/11/2023 તા.૦૭/૧૧/૨૦૨૩ થી થયેલ હુકમ અને શરતોની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાની પસંદગી સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ ધોરણ તથા શરતો અને ઉંઝા નગરપાલિકાના મંજુર થયેલ લઘુતમ મહેકમ માટે કર્મચારીઓની ભરતી–બઢતી અંગેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ–૨૭૧ હેઠળ પ્રાદેશીક કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર ધ્વારા તા.૦૨/૦૬/૨૦૨૩ ના હુકમથી મંજુર થયેલ ભરતી બઢતીના નિયમો–૨૦૨૩ ને આધિન સ્પર્ધાત્મક પરીક્ષા આધારે નીચે પત્રકમાં દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંક માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત | જગ્યાનું પગાર ધોરણ(સાતમા પગાર ધોરણ અનુસાર | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | અનુસુચિતજાત | | અનુસુચિતજન જાતિ | | સા.શૈ.પ.વ | | બિન અનામત | | આર્થિકરીતે નબળા વર્ગ | | કુલ |
| | | | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧ | ઓફીસ સુપ્રિન્ડેન્ટ | ૧ | ૩ | અનુસ્નાતક,સી.સી.સી.પરીક્ષા પાસ | ૩૫૪૦૦–૧૧૨૪૦૦ લેવલ–૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | સીનીયર કલાર્ક | ૧ | ૩ | સ્નાતક,સી.સી.સી. પરીક્ષાપાસ | ૨૫૫૦૦–૮૧૧૦૦ લેવલ–૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | ટેક્ષ સુપ્રિટેન્ડેન્ટ | ૧ | ૩ | બી.કોમ.ગ્રેજયુએટ અને સી.સી.સી.પરીક્ષાપાસ | ૩૫૪૦૦–૧૧૨૪૦૦ લેવલ–૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | ટેક્ષ ઈન્સપેકટર | ૧ | ૩ | સ્નાતક,સી.સી.સી. પરીક્ષાપાસ | ૨૫૫૦૦–૮૧૧૦૦ લેવલ–૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | મદદનીશ ઈજનેર (ડીપ્લોમા મીકેનીકલ) | ૧ | ૩ | ડીપ્લોમા મીકેનીકલ એન્જીનીયર અને પાંચ વર્ષનો અનુભવ તથા સી.સી.સી. પરીક્ષા પાસ | ૩૫૪૦૦–૧૧૨૪૦૦ લેવલ–૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૬ | વર્ક આસીસ્ટન્ટ | ૧ | ૩ | સીવીલ ડ્રાફટમેન કોપ પાસ સરકાર માન્ય સી.સી.સી. પરીક્ષા પાસ | ૨૫૫૦૦–૮૧૧૦૦ લેવલ–૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭ | ટાઉન પ્લાનર | ૧ | ૩ | બી.ઈ.સીવીલ તથા સીસીસી પરીક્ષા પાસ | ૩૯૯૦૦–૧૨૬૬૦૦ લેવલ–૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮ | કોમ્યુનીટી ઓગ્રેનાઈઝર (સમાજ સંગઠક) | ૨ | ૩ | બી.એસ.ડબલ્યુ/સમાજ શાસ્ત્ર વિષય સાથે સ્નાતક તથા સી.સી.સી.પરીક્ષા પાસ | ૨૯૨૦૦–૯૨૩૦૦ લેવલ–૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૨ |

શરતો :–

(૧) ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફીસરશ્રી,ઉંઝા નગરપાલિકા જિ.મહેસાણા ખાતે ફકત રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મોકલી આપવાની રહેશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.અરજી સાથે પ્રમાણપત્ર સામેલ ન હોય તેવી કોઈ અરજી ધ્યાને લેવામાં આવશે નહી

(૩) અરજદારે પ્રત્યેક જગ્યા માટે અલગ–અલગ અરજી કરવાની રહેશે.

(૪) ઉપરોકત સંવર્ગ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂ.૩૦૦/– ચીફ ઓફીસર,ઉંઝા નગરપાલિકા,ઉંઝા ના નામના ડિમાન્ડ ડ્રાફટથી મોકલવાની રહેશે. અનુસુચિત જાતિ,અનુસુચિતજનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહી.

(૫) અરજી કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૬) ઉપરોકત સંવર્ગ માટે અરજી અંગેનો નિયત નમૂનો નગરપાલિકાની વેબસાઈટ www.unjhanagarpalika.org ઉપરથી ડાઉનલોડ કરી નિયત નમુનામાં જ મોકલવાનો રહેશે.

(૭) વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉમરમાં છુટછાટ મળવાપાત્ર થશે તા.૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ વયમર્યાદા ગણવાની રહેશે.તા.૧/૨/૨૦૨૪ ની સ્થિતિએ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.

(૮) નિયામકશ્રી નગરપાલિકા ગુજરાત રાજય ગાંધીનગરના તા.૩/૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં–૫૭૪૬/૧૯૯૯ ના હાઈકોર્ટના ચુકાદાને આધિન ઉંઝા નગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને મળવાપાત્ર લાભો આપવામાં આવશે.

(૯) અધુરીકે સમય મર્યાદાબાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૧૦) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે ઉંઝા નગરપાલિકાને સંપુર્ણ અબાધિત/અધિકાર રહેશે. ઉંઝા નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિં

જા.નં ૧૫૪૨/૨૩-૨૪ રવિકાન્ત બી. પટેલ જીજ્ઞાબેન ડી.પટેલ

તારીખ :– ૨૮/૦૨/૨૦૨૪ ચીફ ઓફીસર પ્રમુખ